ક્રમાંકઃ રાપબો/એન.ટી.એસ./૨૦૧૨/૩૧૯૮-૩૨૨૯
રાજય પરીક્ષા બોર્ડ, ગુ.રા.,
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર - ૨૧, ગાંધીનગર.
તારીખ :-૧૭/૦૮/૨૦૧૨

**જાહેરનામું ::-**

એન.સી.ઇ.આર.ટી.ન્યુ દિલ્હી સંચાલિત રાષ્ટ્રીય પ્રતિભા શોધ (**એન.ટી.એસ.**) પરીક્ષા ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિધાર્થી માટે બે તબકકામાં લેવાનાર છે. **પ્રથમ** તબકકાની પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ દ્વારા જિલ્લાના નિયત કેન્દ્રોમાં **તા.૧૮/૧૧/૨૦૧૨ ને** રવિવારના રોજ લેવાશે. આ પરીક્ષાને લગતી જિલ્લા કક્ષાએ સંપૂર્ણ કામગીરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

**૧. ઉમેદવારની લાયકાત :**

જે ઉમેદવાર કેન્દ્ર અથવા રાજયની કોઇપણ માન્ય શાળામાં ૨૦૧૨નાં વર્ષમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતો હોય અને વર્ષને અંતે ધોરણ-૧૦ની પરીક્ષામાં બેસનાર હોય તેજ ઉમેદવાર આ પરીક્ષા આપી શકશે.

**૨. પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ :**

ભારત સરકાર એન.સી.ઇ.આર.ટી. જે પધ્ધતિએ બીજા તબકકાની પરીક્ષા લેછે. તેજ પધ્ધતિએ પ્રથમ તબકકામાં ધોરણ-૧૦ માટે ૯૦ ગુણના બે પ્રશ્નપત્રો રહેશે.

**ધોરણ-૧૦**

૧) જનરલ મેન્ટલ એબીલીટી ટેસ્ટ (એમ.એ.ટી.) કુલ ગુણ-૯૦ સમય : ૯૦ મિનિટ

૨) સ્કોલેસ્ટીક એપ્ટીટયુડ ટેસ્ટ (એસ.એ.ટી.) કુલ ગુણ- ૯૦ સમય : ૯૦ મિનિટ

સ્કોલેસ્ટીક એપ્ટીટયુડ ટેસ્ટમાં નીચેના વિષયો ઉપર બહુ વિકલ્પ પ્રશ્નો પૂછવામાં આવશે.

| વિષય | ગુણભાર | વિષય | ગુણભાર |
|---|---|---|---|
| ફિજીક્સ | ૧૨ | હિસ્ટ્રી | ૧૦ |
| કેમેસ્ટ્રી | ૧૧ | જીઓગ્રાફી | ૧૦ |
| બાયોલોજી | ૧૨ | પોલી.સાયન્સ | ૧૦ |
| મેથેમેટીક્સ | ૨૦ | ઇકોનોમીક્સ | ૦૫ |

**૩. અરજી કરવાની રીત :**

ઉમેદવાર પોતાની સંસ્થામાંથી અસલ ઓ.એમ.આર. આવેદનપત્ર મેળવવાનું રહેશે. ડાઉનલોટ કરેલ કે ઝેરોક્ષ કોપીમાં ભરેલ ફોર્મ સ્વિકારવામાં આવશે નહી.

સંસ્થાઓએ પોતાના સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાંથી **તા.૨૧/૮/૨૦૧૨થી** આવેદનપત્રો મેળવી ઉમેદવાર પાસેથી ભરાવી આવેદનપત્રો પર સંસ્થાના આચાર્યશ્રીના સહિ સિકકા કરાવી તમામ વિગતો સાથે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને **તા.૧૪/૯/૨૦૧૨** સુધીમાં પહોંચાડવાના રહેશે. ઉમેદવાર રાજય પરીક્ષા બોર્ડમાં સીધા આવેદનપત્ર મોકલશે તો તે રદ ગણવામાં આવશે.

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ એન.ટી.એસ.ના ઓ.એમ.આર. સ્વરૂપના ફોર્મ બોર્ડમાંથી મેળવવાની તા.૨૦/૮/૨૦૧૨ રહેશે.**

**૪. પરીક્ષાનું માધ્યમ :**

પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી તેમજ ગુજરાતી રહેશે અને પ્રશ્નો બહુ વિકલ્પ રહેશે.

**૫. પરીક્ષા ફી :**

પરીક્ષાફી ધોરણ-૧૦ જનરલ કેટેગરી માટે **રૂા.૭૦/-** અને એસ.સી. તથા એસ.ટી. કેટેગરી માટે **રૂા.૫૦/-** ભરવાની રહેશે. શાળાએ પરીક્ષા ફીની તમામ રકમ એકત્ર કરી સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના નામનો ડિમાન્ડ ડ્રાફટ કઢાવી આવેદનપત્રો સાથે જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને જમા કરાવવાનાં રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ આવેદનપત્રો અને ડિમાન્ડ ડ્રાફટ તેમજ અન્ય આધાર બોર્ડમાં મોકલી આપશે.

**૬. જાતિનુ પ્રમાણપત્ર :**

એસ.સી., એસ.ટી. ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણિત કરેલ પ્રમાણપત્ર તેમજ શારીરીક ખોડ-ખાંપણ અંગેનું પ્રમાણિત પ્રમાણપત્ર ફોર્મ સાથે આપવાનું રહેશે. તેમજ આવેદનપત્ર ઉપર યોગ્ય જગ્યાએ જાતિ સ્પષ્ટપણે જણાવવાની રહેશે.

**૭. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ :**

ઉમેદવારે ભરેલા આવેદનપત્રો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ સ્વીકારવાની છેલ્લી **તા.૧૪/૦૯/૨૦૧૨** રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીએ તમામ આવેદનપત્રો **તા.૨૧/૦૯/૨૦૧૨** સુધીમાં રાજય પરીક્ષા બોર્ડને રૂબરૂ પહોંચતા કરવાનાં રહેશે. આવેદનપત્ર ઉપર જરૂરી રકમનો ડિમાન્ડ ડ્રાફટ તથા વિદ્યાર્થીની અંગ્રેજી તેમજ ગુજરાતીમાં કોમ્પ્યુટરરાઈઝ કરેલી યાદીની એક સી.ડી. તથા હાર્ડ કોપી બે નકલમાં સામેલ ફોર્મેટ મુજબ (શ્રુતિ ફોન્ટ અંગ્રેજીમાં) અચૂક જોડવાની રહેશે. ઉમેદવારના આવેદનપત્રો ફક્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફત જ બોર્ડને મોકલી આપવાનાં રહેશે. આવેદનપત્રો અને અન્ય આધાર અલગ-અલગ કવરમાં જિલ્લાના નામજોગ આપવાના રહેશે.

આવેદનપત્રો **O.M.R.** સ્વરુપનાં હોઇ તેને સ્ટેપલીંગ કરવું નહીં, પીન મારવી નહીં, ગડી વાળવી નહીં.

**૮. પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિષય | તારીખ | વાર | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| ૧. | જનરલ મેન્ટલ એબીલીટી ટેસ્ટ (એમ.એ.ટી.) | ૧૮/૧૧/૨૦૧૨ | રવિવાર | ૧૧:૦૦ થી ૧૨:૩૦ | ૯૦ |
| ૨. | સ્કોલેસ્ટીક એપ્ટીટયુટ ટેસ્ટ (એસ.એ.ટી) | ૧૮/૧૧/૨૦૧૨ | રવિવાર | ૧૨:૩૦ થી ૨:૦૦ | ૯૦ |

**નોંધ ::** અંધ ઉમેદવારોને પરીક્ષામાં ૩૦ મિનીટ વધારે આપવાની રહેશે.

પ્રથમ તબકકામાં પાસ થનાર ઉમેદવારના નામો મેરીટના ધોરણે નિયત સંખ્યામાં એન.સી.ઇ.આ.ટી. ન્યુ દિલ્હી ખાતે મોકલી આપવામાં આવશે. એન.સી.ઇ.આર.ટી. ન્યુ દિલ્હી **તા.૧૨/૦૫/૨૦૧૩** રવિવારના રોજ બીજા તબકકાની પરીક્ષા લેશે. જેમાં નીચે મુજબ પ્રશ્નપત્રો રહેશે.

૧. જનરલ મેન્ટલ એબીલીટી ટેસ્ટ (એમ.એ.ટી.)

૨. સ્કોલેસ્ટીક એપ્ટીટયુટ ટેસ્ટ (એસ.એ.ટી)

બીજા તબકકામાં ઉત્તિર્ણ થનાર ઉમેદવારોના પર્સનલ ઈન્ટરવ્યું એન.સી.ઈ.આર.ટી., ન્યુ દિલ્હી દ્વારા લેવામાં આવશે.

પર્સનલ ઇન્ટરવ્યુ માટે પસંદ થયેલ ઉમેદવારને તથા તેના એક વાલીને પરીક્ષા સ્થળે જવા તથા આવવાનું મુસાફરી ભથ્થું એન.સી.ઇ.આર.ટી. ન્યુ દિલ્હી દ્વારા ચૂકવવામાં આવશે.

**૯. આવક મર્યાદા :**

એન.સી.ઇ.આર.ટી. નવી દિલ્હીની તારીખ :- ૨૪/૦૩/૨૦૦૬ની બેઠકમાં નક્કી થયા મુજબ આવકની મર્યાદા ધ્યાનમાં લેવાની નથી. જે ઉમેદવાર સ્કોલરશીપ મેળવવાને પાત્ર ઠરે છે. તે ઉમેદવારોને પૂરેપૂરી સ્કોલરશીપ મળશે.

**૧૦. સ્કોલરશીપની રકમ તથા ચૂકવણાના નિયમો :**

જુદા જુદા સ્ટેજીસ માટે એન.ટી.એસ. સ્કોલરશીપની રકમ નીચે મુજબ રહેશે.

| ક્રમ | સ્ટેજ | સ્કોલરશીપની રકમ |
|---|---|---|
| 1. | રાષ્ટ્રિય પ્રતિભા શોધની નિયમાનુસાર શિષ્યવૃતિ | રૂા. ૫૦૦/- પ્રતિ માસ |

**ખાસ નોંધ ::**

A. એન.સી.ઈ.આર.ટી.ના પ્રવર્તમાન નિયમાનુસાર એસ.સી., એસ.ટી. અને શારિરીક ખોડ-ખાંપણ ધરાવતા ઉમેદવારોને અનામતનો લાભ આપવામાં આવશે.

B. તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ સરકારી માધ્યમિક શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ, લોકલ બોડીની શાળાઓના આચાર્યશ્રીઓને પરિપત્ર કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસે તે માટે શરૂઆતથી જ પ્રયત્નો કરવા વિનંતી છે.

C. રાજય અને જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝીનમાં પણ જાહેરનામું પ્રસિધ્ધ કરી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસે તેમ કરવું. સમાચારપત્રોમાં પણ આ અંગેના સમાચાર છપાવી બહોળી પ્રસિધ્ધિ કરી વધુને વધુ વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરાવવા.

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

**નકલ રવાના અમલાર્થે.**

૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ).
૨) આસી. કમિશ્નરશ્રી કેન્દ્રીય વિધાલય,ગાંધીનગર તરફ.
આપની તાબાની કેન્દ્રીય વિધાલયોને જાણ કરવા સારૂ.
૩) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાના અમલાર્થે.**

૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ).
૨) આસી. કમિશ્નરશ્રી કેન્દ્રીય વિધાલય,ગાંધીનગર તરફ.
આપની તાબાની કેન્દ્રીય વિધાલયોને જાણ કરવા સારૂ.
૩) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

List Of Student's Information

Name Of Exam:-

Name Of School :-

Dist.:-

| Sr. No | Name Of Student | Categary | Fee |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | Total | | |

- About Fees Amount

| Categary | No Of Student | Amount |
|---|---|---|
| Open | × 70 = | |
| SC | × 50 = | |
| ST | × 50 = | |

Total:-

- About D. D.

Name Of Bank :-

D.D. No/Dt. :-

Amount Rs. :-

Signature & Stamp Of the Principal